

# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ ડિસેમ્બર, શનિવાર...** સવારે ચેન્નાઈમાં ઝવેરીભાઈ-રક્ષિતાબહેનના ઘરે મંગલપૂજામાં સૌને અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. મનીષભાઈ-નિવૃત્તિબહેના ઘરે પધરામણી કરી પરિવારનાં સૌને આશીર્વાદ પાઠવ્યા. મયૂરભાઈ શાહ-પ્રીતિબહેનના તૈયાર થઈ રહેલ નૂતન આવાસમાં પધરામણી કરી પુષ્પાંજલિ અર્પણ કરી સર્વત્ર પુષ્પનો છંટકાવ કર્યો. ત્યાંથી મનસુખભાઈ-હંસાબહેનના ઘરે પધરામણી કરી સૌને સત્સંગનું ખૂબ સુખ આપ્યું. સાંજે પ્રૉમિસભાઈ-નીતાબહેનના ઘરે યોજેલ સત્સંગસભામાં પધારી સૌને દર્શન-આશિષનું અદ્‌ભુત સુખ આપ્યું. સભા બાદ મોડી રાત્રિ સુધી ભક્તોને બ્રહ્માનંદ કરાવી આરામમાં પધાર્યા.

**૨ ડિસેમ્બર, રવિવાર...** વહેલી સવારે યુ.કે. પરત પધારતા વિજયકુમાર ઠક્કરને વિદાય વેળાએ ગોષ્ઠિનું સુખ આપી શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. તેમજ ગોષ્ઠિનો લાભ આપી સ્થાનિક મુક્તોને બ્રહ્માનંદ કરાવ્યો. મંગલપૂજામાં સૌ યુવાનોને જીવન જીવવાનું માર્ગદર્શન આપી આશીર્વાદ આપ્યા. પ્રૉમિસભાઈની દુકાન પર પધરામણી કરી તેમજ તેઓના મિત્ર લલિતભાઈ-સરોજબહેનના ઘરે પધરામણી કરી પરિવારના સૌ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે પ્રોમિસભાઈના ઘરમંદિરના હૉલમાં યોજેલ સભામાં પધારી સૌને અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. ચેન્નાઈ સત્સંગમંડળ દ્વારા યોજેલ ૮૦મા પ્રાગટ્યપર્વની ઉજવણીના કાર્યક્રમમાં પધારી યુવાનો દ્વારા રજૂ થયેલ ઉત્સવનૃત્ય નિહાળ્યું તથા સૌને પ્રસાદ અર્પણ કર્યો. પ્રાગટ્યપર્વ નિમિત્તે જે જે મુક્તોએ સેવા-ભક્તિ અદા કરી તેઓ સૌને આશીર્વાદ પાઠવ્યા. સ્થાનિક ભક્તોને કંઠી પહેરાવી પૂજા અર્પણ કરી મોડી રાત્રે આરામમાં પધાર્યા.

**૩ ડિસેમ્બર, સોમવાર...** સવારે પ્રૉમિસભાઈ-નીતાબહેનના ઘરે મંગલપૂજામાં સત્સંગગોષ્ઠિનો અદ્‌ભુત લાભ આપ્યો. સુરેશકાકાના ઘરે પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવી જિતુભાઈ-ભાવનાબહેનના ઘરે પધરામણી કરી નવદંપતી ચિ. દીપ-ચિ. હિમાનીને આશીર્વાદ પાઠવ્યા. પુરુષોત્તમભાઈ સોની-પ્રિયાબહેનના ઘરે પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. સાંજે વિદાય-મિલન સભામાં ચેન્નાઈ મંડળના સક્રિય યુવાનો-ભક્તોએ અદ્‌ભુત મહિમાગાન કર્યું તે સૌ ઉપર પ્રસન્નતા વરસાવી. રાત્રે સમગ્ર મંડળના મુક્તોને મળી આશીર્વાદ પાઠવી ટ્રેનમાં સેલમ પ્રતિ પ્રયાણ કર્યું.

**૪ ડિસેમ્બર, મંગળવાર...** વહેલી સવારે સેલમ સ્ટેશને રણછોડભાઈ, ભરતભાઈ તથા યુવક મંડળનો સત્કારભાવ ઝીલી હૉટલ વસંતમ્‌માં પધાર્યા. ભરતભાઈ-પ્રીતિબહેનને ગોષ્ઠિનો લાભ આપી શ્રી રમેશભાઈના ઘરે પધરામણી કરી પરિવારની ભક્તિનાં દર્શન કરી ખૂબ પ્રસન્નતા વરસાવી. અ.નિ. તરુબહેન મનુભાઈ મહેતાનાં તાજેતરમાં થયેલ નિધનને લીધે તેઓના ઘરે પધારી દીકરા રાજુભાઈ તથા પરિવારના મુક્તોને સાંત્વન પૂરું પાડ્યું અને સદ્‌ગત આત્માની શાંતિ માટે તથા પરિવારના મુક્તોને દુ:ખ સહન કરવા માટે પ્રાર્થના કરી. ભરતભાઈ-પ્રીતિબહેનના ઘરે પધારી ધૂન-પ્રાર્થના કરી પરિવારના સુખદ જીવન માટે સત્સંગનો અદ્‌ભુત લાભ આપ્યો. બપોરે ૮૦મા પ્રાગટ્યદિન નિમિત્તે કેક અર્પણ કરી સૌને પ્રસાદ વહેંચ્યો તથા આશીર્વાદ પાઠવ્યા. સાંજે જલારામ મંદિરના હૉલમાં યોજેલ સભામાં પધારી સૌને અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. રાત્રે મંદિરની નજીકમાં રહેતા ગોપાલભાઈના ઘરે પધારી પરિવારના સૌ ભક્તોને સત્સંગનું સુખ આપી અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા.

**૫ ડિસેમ્બર, બુધવાર...** સવારે હૉટલમાં શ્રીકાંતભાઈ મહેતાને મુલાકાત આપી ગોષ્ઠિનો લાભ આપ્યો. રાજુભાઈ રાજવીરના ઘરે તેમજ રૅસ્ટોરન્ટમાં પધરામણી કર્યા બાદ રણછોડભાઈના ઘરે પધરામણી કરી. સાંજે રાયચંદભાઈ મોતાના ઘરે પધરામણી કરી, તરુબહેન માપલેના ઘરે પધારી સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. સંધ્યા આરતી, ધૂન-પ્રાર્થના કરી રાકેશભાઈ-મિલનબહેનના નૂતન આવાસમાં યોજેલ યુવાનોની સભામાં પધારી સૌને જીવન જીવવાનું ભાથું બાંધી આપ્યું. ૮૦મા પ્રાગટ્યપર્વની કેક કાપી પ્રસાદ આપ્યો.

**૬ ડિસેમ્બર, ગુરુવાર...** સવારે હૉટલમાં રણછોડભાઈ, ભરતભાઈ-પ્રીતિબહેન તથા યુવાનો-ભક્તોની ભાવભરી વિદાય લઈ ગાડીમાં સેલમથી કોઇમ્બતુર પ્રતિ પ્રયાણ કર્યું. બપોરે કોઇમ્બતુરમાં ઉદયનભાઈ-નયનાબહેનના ઘરે સૌ સ્થાનિક ભક્તોના ભાવ ગ્રહણ કરી આશીર્વાદ પાઠવ્યા. મનસુખભાઈ-હંસાબાની ૫૧મી લગ્નતિથિ પ્રસંગે કેક અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા. વિકાસભાઈ વાસરાની-

તન્વીબહેનના દીકરા ચિ. હિયાનનું પૂજન કરી આશીર્વાદ પાઠવ્યા. લગ્ન પૂર્વે ખાસ કાલીકટથી આશિષ લેવા માટે પધારેલ દીકરા રાજને તથા તેઓનાં માવતર કમલેશભાઈ–મયૂરીબહેનને આશીર્વાદ પાઠવ્યા. સાંજે 'ઇશા ફાઉન્ડેશન – ધ્યાનલિંગમ્' આશ્રમની મુલાકાત લીધી. સૌ પ્રથમ ૧૧૨ ફૂટ ઊંચી આદિ યોગી શિવ ભગવાનની મૂર્તિ પાસે પધાર્યા. જ્યાં આશ્રમવાસીઓના સત્કારના ભાવ ઝીલી આશ્રમનાં વિવિધ સ્થળોએ દર્શનનો લાભ લઈ ધ્યાનલિંગમ્‌માં આવી ધ્યાન કર્યું. ઇશા ફાઉન્ડેશન આશ્રમના અધિષ્ઠાતા પ.પૂ. સદ્‌ગુરુ વાસુદેવ જગ્ગી સાથે અંગત મુલાકાત લઈ સત્સંગ-ગોષ્ઠિનો આનંદ માણ્યો. રાત્રિરોકાણ આશ્રમમાં કર્યું.

**૭ ડિસેમ્બર, શુક્રવાર...** સવારે ઇશા આશ્રમમાંથી ભાવભરી વિદાય લઈ નજીકમાં આવેલ 'પૂર્ણવિદ્યા ફાઉન્ડેશન' સંસ્થામાં પધાર્યા, જ્યાં આશ્રમનાં વડાં પ.પૂ. સ્વામીની પ્રમાનંદા તથા અન્ય આશ્રમવાસીઓના સત્કારના ભાવ ઝીલી આશ્રમનાં વિવિધ પ્રસાદીનાં સ્થળે પધારી પ્રાર્થના કરી. પ.પૂ. સ્વામીની પ્રમાનંદા સાથે ગોષ્ઠિનો આનંદ માણ્યો. કોઇમ્બતુરમાં નટુભાઈ શેઠના દીકરા ધનપાલ તથા પરેશભાઈના ઘરે પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે અલ્કેશભાઈ, કીર્તિમાસાના ઘરે પધરામણી કરી નાનુભાઈ શેઠની ચૉકલેટ રૂમમાં પધરામણી કરી સ્થાનિક ભક્તોની ઉપસ્થિતિમાં ૮૦મા પ્રાગટ્યપર્વની ચૉકલેટ કેક અર્પણ કરી સૌને પ્રસાદ આપી આશિષવર્ષા કરી.

**૮ ડિસેમ્બર, શનિવાર...** સવારે મંગલપૂજામાં અદ્‌ભુત સત્સંગ લાભ આપ્યો. રશ્મિભાઈ પટેલના ઘરે, સુભાષભાઈ વાસરાનીના ઘરે પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. રામભાઈની હાર્ડવેરની દુકાનમાં પધરામણી કરી નાનુભાઈ શેઠના ઘરે પધરામણી કરી સમગ્ર પરિવારના મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે કોઇમ્બતુર ગુજરાતી સમાજની ઑફિસમાં પધરામણી કરી પ્રમુખશ્રી તેમજ સૌ ટ્રસ્ટીઓને આશીર્વાદ પાઠવ્યા. 'પૂર્ણ વિદ્યા ફાઉન્ડેશન'નાં પૂ. સ્વામી પ્રમાનંદા સહિત ગુજરાતી સમાજ દ્વારા યોજેલ સભામાં પધારી સૌ ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે ઉદયનભાઈ–વિપુલભાઈ સુખડિયાની સિરામિકની દુકાને પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. મોડી રાત્રે નાનુભાઈના મોટા દીકરા નીતિનભાઈ–બીનાબહેનના ઘરે પધરામણી કરી સૌને આનંદ કરાવ્યો.

**૯ ડિસેમ્બર, રવિવાર...** વહેલી સવારે સદ્‌ગુરુ સંત પૂ. શાંતિભાઈ, પૂ. અશોકભાઈ પરત પધારતા હોવાથી વિદાય વેળાએ તેઓને શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. મંગલપૂજામાં સ્થાનિક ભક્તોને આશિષ પાઠવી કોઇમ્બતુર ઍરપૉર્ટ પધાર્યા. ઍરપૉર્ટ પર સ્થાનિક ભક્તોની ભાવભરી વિદાય લઈ ફ્લાઇટમાં બેંગ્લૉર પ્રતિ પ્રયાણ કર્યું. બેંગ્લૉર ઍરપૉર્ટ ઉપર સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનભાઈ અને પૂ. વાસુભાઈ સાથે મિલન થયું. ઍરપૉર્ટ ઉપર બેંગ્લૉર મંડળના ભક્તો સાથે કમિશ્નરશ્રી અંજનીકુમારના સત્કારના ભાવ ઝીલી જે.પી. નગરમાં નિવાસ કરતાં કૌશિકભાઈ–દિવ્યાબહેનના ઘરે પધાર્યા. સાંજે જયાનગરમાં કમલભાઈ રાજવીરની ફાસ્ટ ફૂડની શૉપમાં પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે ઇન્દિરાનગરમાં અંજનીકુમાર–ભારતીબહેનના ઘરે પધારી સ્થાનિક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. કસ્ટમના ચિફ કમિશ્નરશ્રીને ગોષ્ઠિનો લાભ આપી ચિન્નાસ્વામી ક્રિકેટ કલબના ગેસ્ટહાઉસમાં પધારી રાત્રિરોકાણ કર્યું.

**૧૦ ડિસેમ્બર, સોમવાર...** સવારે મૂકેશભાઈ સકસેના–સૌમ્યબહેનના ઘરે પધારી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. ૮૦મા પ્રાગટ્યપર્વની કેક સૌએ અર્પણ કરી તેનો પરિવારજનોને પ્રસાદ આપ્યો. સાંજે વિજયનગરમાં ડૉ. રાજેન્દ્રભાઈ માંજરેકરના ઘરે પધરામણી કરી, કમલાનગરમાં કિશોરભાઈ–હર્ષાબહેનના ઘરે પધરામણી કરી ધૂન-પ્રાર્થના કરી સત્સંગનો લાભ આપ્યો. વિશેષમાં તેઓને અઠવાડિક સભા કરવાની આજ્ઞા કરી. મોડી રાત્રે રાજુભાઈ–બીનાબહેનના ઘરે પધરામણી કર્યા બાદ ઉતારે પધાર્યા.

**૧૧ ડિસેમ્બર, મંગળવાર...** સવારે સ્થાનિક હરિભક્ત નૂથનને સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપી સરજાપુર રોડ પર નિવાસ કરતાં આશિષભાઈ–સ્નેહલબહેનના ઘરે પધારી ઉપસ્થિત ભક્તોને સત્સંગનું સુખ આપ્યું. સાંજે વ્હાઇટ ફિલ્ડમાં નિવાસ કરતાં કલ્પેશભાઈ–નમિતાબહેનના ઘરે પધરામણી કરી ઉપસ્થિત સૌ મુક્તોને અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા.

**૧૨ ડિસેમ્બર, બુધવાર...** સવારે બેંગ્લૉર ઍરપૉર્ટ પરથી ફ્લાઇટમાં હૈદરાબાદ પધાર્યા. ઍરપૉર્ટ ઉપર સ્થાનિક ભક્તોનો સત્કારભાવ ઝીલી રાકેશભાઈ–રીટાબહેનના ઘરે પધારી ધૂન-પ્રાર્થના કરી અને ગોષ્ઠિનો લાભ આપ્યો. ત્યાંથી સૌ હૉટલ અવાસામાં પહોંચ્યા, જ્યાં સંજયભાઈ–સ્વાતિબહેન તથા પરિવારના સૌ ભક્તોના સત્કારભાવ સ્વીકારી આશીર્વાદ આપ્યા. રાત્રે ચિ. અંકુર–ચિ. શ્રુતિનાં લગ્નના રિસેપ્શનમાં પહોંચી નવદંપતીને તેમજ આ પ્રસંગે પધારેલ અનેક સત્સંગી મુક્તો અને પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૩ ડિસેમ્બર, ગુરુવાર...** સવારે સંજયભાઈ–સરસ્વતીબહેનનાં પરિવારજનોને મુલાકાત અને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે સૂર્યકાંતભાઈ–હંસાબહેનના ઘરે ગોષ્ઠિનો લાભ આપી બ્રહ્માનંદ

કરાવ્યો. તેઓના ઘરે મહાપૂજામાં પધારેલ સૌને આશીર્વાદ પાઠવ્યા. રાત્રિરોકાણ સૂર્યકાંતભાઈના ઘરે કર્યું.

**૧૪ ડિસેમ્બર, શુક્રવાર...** સવારે મંગલપૂજામાં પરિવારના મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. અંજનીકુમારનાં દીકરી ભાર્ગવીબહેન-વિષ્ણુભાઈની 'પ્રકૃતિ ઈકોપ્લૅ'માં પધરામણી કરી. દશરથભાઈ યાદવ-રામેશ્વરીબહેનના ઘરે પધરામણી કરી પરિવારમાં હળીમળીને જીવન જીવવા અંગે અદ્‌ભુત માર્ગદર્શન સાથે આશીર્વાદ પાઠવ્યા. બપોરે નવીનભાઈ તુલ્સ્યાન-અમિતાબહેનના ઘરે પધરામણી કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. સજંયભાઈ-સરસ્વતીબહેનના ઘરે પધારી લગ્ન બાદ પ્રથમવાર ઘરે પધારતી ચિ. શ્રુતિને સત્કાર વેળાએ આશીર્વાદ પાઠવ્યા. નૂતન આવાસ 'બિશ્વાસ'માં યોજેલ મહાપૂજામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૫ ડિસેમ્બર, શનિવાર...** સવારે સંજયભાઈ શરાફના દીકરા ચિ. અંકિત તથા મિત્ર ચિ. ધ્રુવના અનુપમ ફાર્મમાં પધરામણી કરી, તેઓ દ્વારા થનાર હાઈડ્રૉપોનિક ફાર્મિંગ અંગે માહિતી મેળવી આશિષ પાઠવ્યા. નવીનભાઈ તુલ્સ્યાનની ઑફિસમાં પધરામણી કરી સૌ કાર્યકર્તાઓને આશીર્વાદ પાઠવ્યા. સુરેન્દ્રભાઈ પ્રજાપતિ-અંજુબહેનના નૂતન ઘરે પધરામણી કરી સમગ્ર ઘરમાં પુષ્પવૃષ્ટિ કરી. બંજારા હિલમાં સવિતાબહેન રામક્રિશ્નનના ઘરે પધરામણી કરી સૌ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે અમિતભાઈ-અંકિતાબહેનના ઘરે પધારી સૌ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. મોડી રાત્રે સંજયભાઈ સરસ્વતીબહેનના ઘરે પધારી રાત્રિરોકાણ કર્યું.

**૧૬ ડિસેમ્બર, રવિવાર...** સવારે મંગલપૂજામાં સ્થાનિક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. ધનજીભાઈના ઘરે, ભૂપેશભાઈ-ચેતનાબહેનના ઘરે પધરામણીઓ કરી, ધૂન-પ્રાર્થના કરી સૌ પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે નવીનભાઈ તુલ્સ્યાનના તૈયાર થઈ રહેલ નૂતન આવાસના પરિસરમાં પધારી સર્વત્ર પુષ્પવૃષ્ટિ કરી આશીર્વાદ પાઠવ્યા. સાંજે સમગ્ર હૈદરાબાદ મંડળની સભામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. આ પ્રસંગે ૮૦મા પ્રાગટ્યોત્સવ નિમિત્તે કેક અર્પણ કરી સૌને પ્રસાદ વહેંચ્યો. રાત્રે સ્થાનિક ભક્તોને ગોષ્ઠિનું સુખ આપ્યું. વિશેષ સ્થાનિક મુક્તરાજ શ્રી શ્યામસુંદરભાઈ નેગીનાં ભજનો સાંભળી મોડી રાત્રે આરામમાં પધાર્યા.

**૧૭ ડિસેમ્બર, સોમવાર...** સવારે મંગલપૂજામાં સૌને અદ્‌ભુત સત્સંગલાભ આપ્યો. સૌની ભાવભરી વિદાય લઈ શમશાબાદમાં રાકેશભાઈ-રીટાબહેનના ઘરે પધારી ઉપસ્થિત સૌ મુક્તોને ગોષ્ઠિનો આનંદ કરાવી તથા સ્થાનિક ભક્તોની ભાવભરી વિદાય લઈ સાંજે શમશાબાદ ઍરપૉર્ટ પધાર્યા. ફ્લાઈટમાં મુંબઈ પધાર્યા, જ્યાં ત્રંબકભાઈ, જગતભાઈ, હેતનભાઈ આદિ અનેક મુક્તોના સત્કારભાવ ઝીલી જગતભાઈના ઘરે પધાર્યા. જ્યાં સૌ પરિવારજનોને ગોષ્ઠિનો લાભ આપી આરામમાં પધાર્યા.

**૧૮ ડિસેમ્બર, મંગળવાર...** સવારે મંગલપૂજામાં સ્થાનિક ભક્તોને લાભ આપી ત્રંબકદાદાની નૂતન મીઠાઈ-ફરસાણની દુકાનના લોકાર્પણ પ્રસંગે પધારી આશીર્વાદ પાઠવ્યા. કમલેશભાઈની સ્ટૅશનરીની દુકાન પર પધરામણી કરી. પાલી હિલ-બાંદ્રામાં આવેલ ત્રંબકદાદાની બીજી દુકાનમાં પધરામણી કરી જગતભાઈના ઘરે પધાર્યા. સાંજે મુંબઈના સ્થાનિક ભક્તોને મુલાકાત આપી આનંદ કરાવ્યો. સાંજે ઍરપૉર્ટથી ફ્લાઈટમાં મોડી રાત્રે વડોદરા પધાર્યા. ઍરપૉર્ટ પર વડોદરા મંડળના મોટી સંખ્યામાં પધારેલ મુક્તોની ભક્તિ નિહાળી સૌ પર પ્રસન્નતા વરસાવી. મોડી રાત્રે પદમલામાં બંધુબેલડી શતાબ્દી મહોત્સવના ઉત્સવસ્થળ 'પરમ સ્નેહલધામ'માં પધારી પૂ. ઘનશ્યામભાઈ, પૂ. ભરતભાઈ, પૂ. વશીભાઈ તથા ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓને આશિષ પાઠવી બ્રહ્મજ્યોતિ પધાર્યા. નિજ નિવાસસ્થાન-ઉપાસનામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત સૌ સંતો-અક્ષરમુક્તોને દર્શન-આશિષનો લાભ આપી આરામમાં પધાર્યા.

**૧૯ ડિસેમ્બર, બુધવાર...** પારમિતા મંદિરમાં ફ્લૉરિડા-યુ.એસ.એ.નાં નીલેશભાઈ-મંજુબહેન, સુરતનાં કાનજીબાપા-સમજુબા, ખંભાસલાનાં નરેન્દ્રભાઈ-નીરુબહેન, ધારીનાં જસાણીસાહેબ-રાધામાસી આદિ અનેક ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. મુંબઈથી પધારેલ જિતુભાઈ, જેઓએ બંધુબેલડી શતાબ્દી પર્વ નિમિત્તે અદ્‌ભુત રંગોળી દોરી હતી તેઓને તથા સુરતથી પધારેલ સંજયભાઈ મહેતાને મુલાકાત આપી આશીર્વાદ પાઠવ્યા. રાત્રિ સ્વાગતસભામાં પધારી સૌ સંતો તેમજ સ્થાનિક મંડળના મુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૦ ડિસેમ્બર, ગુરુવાર...** સવારે મોરબીનિવાસી મહેશભાઈ-જાગૃતિબહેનના દીકરાના જન્મદિન નિમિત્તે પારમિતા મંદિરમાં યોજેલ મહાપૂજામાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. બપોરે વર્જિનિયા-યુ.એસ.એ.થી પધારેલ પરેશભાઈ-દિનાબહેન તથા પરિવારના સૌ અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨૧ ડિસેમ્બર, શુક્રવાર...** નૂતન મંદિરના આર્કિટેક્ટ શ્રી કિરણભાઈ તથા મંદિરનિર્માણ કમિટીના સભ્યો સાથે યોજેલ મીટિંગમાં પધારી ગોષ્ઠિનો લાભ અને જરૂરી માર્ગદર્શન આપ્યાં. સૌ કાર્યકર્તાઓની સેવા-ભક્તિને બિરદાવી આશીર્વાદ પાઠવ્યા. બંધુબેલડી મહોત્સવની સેવા અંગે કાર્યકર્તાઓ સાથે ગોષ્ઠિ કરી જરૂરી માર્ગદર્શન આપ્યાં.

ડિટ્રોઈટ-યુ.એસ.એ.થી પધારેલ પંકજભાઈ-સ્મિતાબહેનને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે દર્શનાર્થે પધારેલ અમદાવાદનાં પંકજભાઈ-રેણુકાબહેન તેમજ પેટલાદનાં સી.ડી.પટેલ-ભારતીબહેનને આશીર્વાદ આપ્યા.

**૨૨ ડિસેમ્બર, શનિવાર...** કોઈમ્બતુરથી પધારેલ ઉદયનભાઈ-નયનાબહેનને પૂજામાં સત્સંગલાભ આપ્યો. સવારે પિયોરિયા-યુ.એસ.એ.થી પધારેલ નિમેશભાઈ ગાંધી તથા પરિવારજનોને સત્કાર્યાં. બપોરે બારીન્દ્રભાઈ-બિન્દુબાના ઘરે પધરામણી કરી. સાંજે નડિયાદમાં દેવાંગભાઈ-અનિતાબહેનના નિવાસસ્થાને તેઓની દીકરી ચિ. એકતા-ચિ. કૃણાલનાં લગ્નપ્રસંગે પધારી નવદંપતીને તેઓના સુખદ જીવન માટે આશીર્વાદ પાઠવ્યા. સંધ્યા આરતી-ધૂન બાદ પારમિતા મંદિરે યોજેલ વિશિષ્ટ સભામાં પદયાત્રીઓને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે ચેન્નાઈથી પધારેલ મયૂરભાઈ શાહને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૩ ડિસેમ્બર, રવિવાર...** વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણ સ્કૂલના પ્રાંગણમાં યોજેલ સભામાં સૌ પદયાત્રીઓને આશીર્વાદ પાઠવ્યા. વડતાલ મંદિરે શ્રી હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરી માટે પ્રાર્થનાઓ કરી. વલ્લભવિદ્યાનગરમાં મોગરીનિવાસી પ્રણવભાઈની રેસ્ટોરન્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે પધારી આશીર્વાદ આપ્યા. બ્ર.સ્વ. યોગીબાપાની સ્મૃતિમાં યોજેલ કીર્તન-આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ પધારેલ સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ ડિસેમ્બર, સોમવાર...** વડીલ વ્રતધારી સંત પૂ. અર્જુનભાઈ ગત મોડી રાત્રે ધામમાં પધાર્યા, સવારે તેઓની અંતિમવિધિમાં પધારી આશીર્વાદ પાઠવ્યા. શિકાગોથી પધારેલ પ.પૂ. દિનકરભાઈ સાથે સત્સંગ-ગોષ્ઠિનો આનંદ માણ્યો. કોઈમ્બતુરથી પધારેલ રામભાઈ તથા પરિવારજનોને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. ટૅક્સાસ-યુ.એસ.એ.થી પધારેલ ડૉ. હેમંતભાઈ-કિરણબહેન તથા સૌ પરિવારજનોને ગોષ્ઠિનો લાભ આપ્યો. યુ.એસ.એ. નિવાસી હસુકાકાની દીકરીઓ જાગુ, ઇનાઅને વિજલને આશીર્વાદ પાઠવ્યા.

**૨૫ ડિસેમ્બર, મંગળવાર...** સવારે સ્વાસ્થ્યલાભ માટે નૅચરક્યૉર સૅન્ટરમાં પધારી સારવાર લીધી. બપોરે પારમિતા મંદિરે પધારેલ મહેમાનોનાં સ્વાગત કરી આશીર્વાદ પાઠવ્યા. લખનૌથી પધારેલ મામગેનસાહેબ-ઉષાબહેનને તથા પરિવારજનોને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે મોરબીનિવાસી જયભાઈ તથા નિખિલભાઈના અનુદાનથી મળેલ મીની ટ્રૅક્ટર તથા ટ્રૉલીનું પૂજન કરી આશીર્વાદ પાઠવ્યા. રાત્રે અ.નિ. અર્જુનભાઈની શ્રદ્ધાંજલિની સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૨૬ ડિસેમ્બર, બુધવાર...** સવારે યુ.કે.થી પધારેલ પૂ. હિંમતસ્વામીને ઉપાસનામાં સત્કાર્યા. LA-યુ.એસ.એ.થી પધારેલ ભાવિનભાઈ-કામિનીબહેન તથા પરિવારના મુક્તોને સત્કાર્યાં.

**૨૭ ડિસેમ્બર, ગુરુવાર...** સવારે બંધુબેલડી શતાબ્દી મહોત્સવની ઉદ્‌ઘાટન સભામાં પધારી આશિષ પાઠવી. સાંજે યજ્ઞશાળાની ઉદ્‌ઘાટન વિધિમાં પધાર્યા. ત્યારબાદ મુખ્ય સભામંડપમાં યોજેલ અદ્‌ભુત સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો. સાંસ્કૃતિક કાર્યક્રમના સર્જનકર્તા પૂ. ઘનશ્યામભાઈ તથા ભાઈઓ અને કાર્યક્રમનાં રચયિતા પ્રદીપકુમાર-વેદકુમારીને અભિનંદન અને આશીર્વાદ પાઠવ્યાં.

**૨૮ ડિસેમ્બર, શુક્રવાર...** સવારે પ.પૂ. અધ્યાત્માનંદ સ્વામી બ્રહ્મજ્યોતિ પધાર્યા ત્યારે તેઓ સાથે સત્સંગ-ગોષ્ઠિનો આનંદ માણ્યો. પરમ સ્નેહલધામમાં સાંકરદા મંદિરની મૂર્તિઓની પ્રતિષ્ઠા પૂર્વે યોજેલ યજ્ઞમાં પધારી યજમાનોને આશીર્વાદ પાઠવ્યા. આ પ્રસંગે પધારેલ ગુજરાત રાજ્યના મુખ્યપ્રધાન માનનીય શ્રી વિજયભાઈ રૂપાણી સાથે ગોષ્ઠિ કરી. સાંજે બંધુબેલડી શતાબ્દી મહોત્સવની પ્રથમ સભામાં પધાર્યા. આ પ્રસંગે પ.પૂ. પપ્પાજી-પ.પૂ. કાકાજીની મૂર્તિવાળી પોસ્ટલ સ્ટૅમ્પ ભારત સરકાર તરફથી પ્રકાશિત કરવામાં આવી તેનું લોકાર્પણ પણ થયું.

**૨૯ ડિસેમ્બર, શનિવાર...** સવારે સાંકરદાના નૂતન મંદિરે મૂર્તિપ્રતિષ્ઠા વિધિમાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા. બપોરે પ.પૂ. ગુરુજી બ્રહ્મજ્યોતિ, મોગરી પધાર્યા. સાંજે પારમિતા મંદિરે સભામાં પ.પૂ. ગુરુજી તથા પ.પૂ. દાસસ્વામીના સત્સંગનો લાભ લીધો.

**૩૦ ડિસેમ્બર, રવિવાર...** સવારે બંધુબેલડી શતાબ્દી મહોત્સવની પૂર્ણાહુતિ સભામાં પધારી સૌને દર્શન-સમાગમનું સુખ આપ્યું. રાત્રે બ્રહ્મજ્યોતિમાં આનંદીદીદી અને દિલ્હીનાં સંત બહેનો તથા ભક્તો પધાર્યાં તે સૌને સત્કાર્યાં તેમજ સભામાં અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા.

**૩૧ ડિસેમ્બર, સોમવાર....** સવારે ઍટલાન્ટા-યુ.એસ.એ.થી પધારેલ નીલેશભાઈ-પ્રેક્ષાબહેનને સત્કાર્યાં. સાંજે કરમસદમાં પુલિનભાઈ-તૃપ્તિબહેનના ઘરમંદિરની મૂર્તિઓના સાતમા પાટોત્સવ પ્રસંગે મહાપૂજામાં પધારી સૌ વ્રતધારી સંતો, વલ્લભવિદ્યાનગર, આણંદ, મોગરીના ભક્તો સાથે ધૂન-પ્રાર્થનાઓ કરી ૨૦૧૮ના વર્ષને ભાવભરી વિદાય આપી અને શરૂ થઈ રહેલ ૨૦૧૯ના નવા વર્ષના સૌની સુખાકારી માટે વિશેષ પ્રાર્થનાઓ કરી નવા વર્ષને આવકાર્યું અને સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા. પર્થ-ઑસ્ટ્રેલિયાથી પધારેલ કેયૂરભાઈ-પૂનમબહેન અને પરિવારનાં મુક્તોને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. ◆